જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૮/૨૦૨૨ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૫૨૪/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૬/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૨ | ૦ | ૧૪૨ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૫ | ૦ | ૧૦૦૬૯૫ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૦ | ૨,૮૮,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## કાગડાપીઠ પોલીસ સ્ટેશન

## શરીર સબંધી ગુનાની અસામાજીક પ્રવૃતિ સાથે સંકળાયેલ બે આરોપીઓની પાસા હેઠળ અટકાયત કરતી કાગડાપીઠ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડિવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે અમદાવાદ શહેર વિસ્તારમાં અસામાજીક પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા સુચના આપેલ હોય, જે સુચના આધારે કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં શરીર સબંધી ગુનાની અસામાજીક પ્રવૃતિ સાથે સંકળાયેલ બે આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહિ કરવા પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એચ.સી.ઝાલા નાઓએ કાગડાપીઠ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના માણસોને સુચન કરેલ હોય, જે અનુસંધાને સ્ટાફના પર્સનલ સ્ટાફના માણસોએ દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી પાસા અટકાયતી (૧) કિશન સ/ઓ ધનજીભાઇ જાતે.રાઠોડ ઉ.વ.૨૮ ધંધો.વેપાર રહે.શિવલાલ ખ્રિસ્તીની ચાલી, અમૃતનગર સોસાયટી વિભાગ નં.૧ ની સામે બહેરામપુરા અમદાવાદ શહેર તથા (૨) મેહુલ કિશનભાઇ જાતે.રાઠોડ ઉ.વ.૨૬ ધંધો.ડ્રાઇવીંગ રહે.મ.નં.સી/૬ સંસ્કૃત ટેનામેન્ટ મહારાજ જગદીશપાર્ક વિભાગ-૩ આણંદજી કલ્યાણજી બ્લોકની સામે બહેરામપુરા અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધમાં દાખલ થયેલ ગુનાઓમાં પાસા દરખાસ્ત તૈયાર કરી, મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ સદરી અટકાયતી વિરૂધ્ધ પાસા હુકમ અનુક્રમે (૧) ક્રમાંક/PCB/DTN/પાસા/૭૭૭/૨૦૨૨ તા.૨૬/૦૮/૨૦૨૨ તથા (૨) ક્રમાંક/PCB/DTN/પાસા/૭૭૯/૨૨ તા.૨૬/૦૮/૨૦૨૨ થી પાસા અટકાયતીનો હુકમ કરતા સદર પાસા અટકાયતીને આજરોજ તા.૨૬/૦૮/૨૦૨૨ ના રોજ પાસા હુકમની બજવણી કરી, યોગ્ય પોલીસ જાપ્તા હેઠળ “સુરત” જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૨૬/૦૮/૨૦૨૨



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૨૫/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૧૮૭ લીટર દેશી દારૂ, ૩૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી, ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૭૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૨૬/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૫૨૭/૨૦૨૨

**ખોખરાઃ** શ્વેતા ડો/ઓ રામસુંદર યાદવ (ઉ.વ.૩૫) (રહે. નિલેશપાર્ક સોસયટી ગોરના કુવા પાસે મણિનગર પુર્વ ખોખરા) એ તા.૨૬/૦૮/૨૦૨૨ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૧/૨૦૨૧ ના રોજ મોબાઇલ નંબર ૦૯૮૯૧૪૦૨૯૬૦ ના ધારકે શ્વેતા યાદવના મોબાઇલ ઉપર ફોન કરી આઈસીઆઈસીઆઈ બેંકમાંથી ક્રેડીટકાર્ડ વિભાગમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી શ્વેતા યાદવના ક્રેડીટકાર્ડમા વાયફાઇ ખામી હોવાનુ જણાવી ખામી દુર કરવા માટે પ્રોસેસ કરવા માટે ક્રેડીટ કાર્ડનો નંબર જાણી લઈ શ્વેતા યાદવના મોબાઈલમાં આવેલ ઓ.ટી.પી. મેળવી લઈ શ્વેતા યાદવના ક્રેડીટકાર્ડમાંથી રૂપિયા ૧,૩૧,૯૯૭/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.આર.ધવન ચલાવે છે.

## અપમૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૫૨૮/૨૦૨૨

**સરખેજઃ** અમદાવાદ આંબલી એસ.પી.રીંગ રોડ કવિશા કોર્પોરેટ હાઉસની પાછળ રાજથાળ હોટલની બાજુમાં નવી બનતી આંબલી હાઇટ્સની સાઇટ ખાતે કામ કરતા અને ત્યા જ રહેતા મનોજ રાય ભિખારી રાય (ઉ.વ.૩૫) (મુળ વતન. ગામ-પીઠૌરી થાના-બનીયાપુર જિ-સારન રાજ્ય-બિહાર) તા.૨૨/૦૮/૨૦૨૨ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે સાઇટના પ્રથમ બેઝમેન્ટ પાર્કિંગની સીડી ભરવાનુ કામ કરતા હતા ત્યારે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૦૮/૨૦૨૨ સાંજના ૬/૪૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**દાણીલીમડાઃ** નારોલ કોઝી હોટલ સામે ભરવાડવાસ ખાતે રહેતા રેખાબહેન વા/ઓ અમીતભાઇ નિનામા (ઉ.વ.૨૧) (મુળ વતન. ગામ.મોટી ખરજ તા.જી.દાહોદ) તા.૨૫/૦૮/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે દાણીલીમડા નવા ઢોરબજાર હોકાબાજ ટેક્ષટાઈલની બાજુમાં ઈરફાનભાઇ ઘાસલેટવાળાની ફેકટરીમાં મકાન તોડાવાનું મજુરી કામ કરતા હતા ત્યારે ગોડાઉનના ધાબા સાથે નિચે પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૧/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિપુલકુમાર જયંતિલાલ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૨૯/૨૦૨૨</u>**

**રાણીપઃ** નિકુંજ મહેશભાઈ પંચાલ (ઉ.વ.૩૫) (રહે. લક્ષ્મીનગર એપાર્ટમેન્ટ બાલકૃષ્ણ મંદિર પાસે રાણીપ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૮/૨૦૨૨ બપોરના ૨/૩0 થી ૪/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.જી.સોલંકી ચલાવે છે.

**અમરાઈવાડીઃ** અનિરૂધ્ધ પ્રભુદાસ સાધુ (ઉ.વ.૨૦)(રહે.નીતાપાર્ક સોસાયટી, વંડર પોઇન્ટ જોગેશ્વરી રોડ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૮/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

**વટવાઃ (૧)** હસુમતીબહેન ચન્દ્રકાંતભાઇ ગજ્જર (ઉ.વ.૭૫) (રહે. જૈમીનપાર્ક સોસાયટી એસ.એલ.એમ રોડ વટવા) એ બિમારીથી કંટાળી તા.૨૬/૦૮/૨૦૨૨ કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

**વટવાઃ** (૨) વિરલ સ/ઓ જગદીશભાઇ મકવાણા (ઉ.વ.૨૬) (રહે. મુક્તજીવન કોમ્પલેક્ષ કેનાલ પાસે ઘોડાસર વટવા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૮/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રભાઇ મગનભાઇ ચલાવે છે.

**નારોલઃ** દશરથકુમાર છગનલાલ પ્રજાપતી (ઉ.વ.૨૧) (રહે. પ્રાર્થનાનગર સોસાયટી રંગોલીનગર ની બાજુમાં નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૮/૨૦૨૨ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુક સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે નારોલ ગુરૂકૃપા બ્રીજ પાસે ભગીરથ આઈકોનમા આવેલ ઓશીયન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી